Enrollment No: ______________________ Exam Seat No:______________________

# C.U.SHAH UNIVERSITY

## Winter Examination-2021

**Subject Name: Management Accounting-II**

**Subject Code: 4CO06MAC2** **Branch: B.Com (Gujarati)**

**Semester: 6** **Date : 29/10/2021** **Time : 02:30 To 05:30** **Marks : 70**

Instructions:

(1) Use of Programmable calculator & any other electronic instrument is prohibited.
(2) Instructions written on main answer book are strictly to be obeyed.
(3) Draw neat diagrams and figures (if necessary) at right places.
(4) Assume suitable data if needed.

---

**Q-1** **Attempt the following questions:** **(14)**

**a)** ચાલુગુણોત્તર, મિલકત ગુણોત્તર, ગિયરીંગરીં ગુણોત્તર, દેવાં - ઈક્વિટી ગુણોત્તર તેમજ માલિકી ગુણોત્તર નીચેના પૈકી ક્યા વર્ગના ગુણોત્તરો છે? 1

(A) ન.નુ.ખાતાંને લગતા (B) પાકાં સરવૈયાને લગતા

(C) વેપાર ખાતાં અને ન.નુ. ને લગતા (D) મિશ્ર અંથવા સંયુક્ત ગુણોત્તર

**b)** ચાલુ ગુણોત્તર અંગે સામાન્ય આદર્શ પ્રમાણ માપ નીચેનાં પૈકી ક્યું છે? 1

(A) 4 : 1 (B) 3 : 2 (C) 2 : 1 (D) 1 : 1

**c)** વેચાણ - વેચાણ પડતર = ...... 1

(A) શરૂ સ્ટૉક (B) ચોખ્ખો નફો (C) કાચો નફો (D) ખરીદી

**d)** અંદાજપત્ર સમિતિની રચના ...... થઈ શકે છે? 1

(A) બધાં જ વેપારી એકમોમા (B) બધા જ ઉત્પાદન એકમો

(C) મહાકાય ઔદ્યોગિક એકમોમાં (D) નાના અનેમધ્યમ કદના એકમોમાં

**e)** પાંચ અથવા દસ વર્ષનાં લાંબા ગાળાના અંદા જપત્ર ........... હોય છે. 1

(A) ખર્ચાળ વધુ (B) ચોક્કસ (C) સમયનો વ્યાય કરનાર (D) ઓછા ચોક્કસ

**f)** દેવાદાર ગુણોત્તર 105 દિવસમાંથી ઘટીને 97 દિવસ થયો આ કઈ સ્થિતિ ગણાય? 1

(A) સંતોષકારક (B) ખરાબ (C) ખૂબ જ સારી (D) સુધારો સૂચવેછે.

**g)** પ્રેફરેન્સ શેરમૂડી અને ડિબેન્ચર મૂડીને ઈક્વિટી મૂડી વડે ભાગવાથી નીચે પૈકી ક્યો ગુણોત્તર મળશે? 1

(A) અનામત અને મૂડીનો ગુણોત્તર (B) મૂડી મિલકત ગુણોત્તર

(C) ગિયરિંગ ગુણોત્તર (D) ઝડપી ગુણોતર

**h)** જો મરામત ખર્ચ 70% અને 80% સપાટીએ રૂ. 1,900 અનેરૂ. 2,000 અનુક્રમે હોય તો, 90% સપાટીએ કેટલો હશે? 1

(A) રૂ. 2,000 (B) રૂ. 2,100 (C) રૂ. 2,200 (D) રૂ. 1,900

**i)** પ્રત્યક્ષ ખર્ચા 60% અને 80% સપાટીએ રૂ. 5,000 અનેરૂ. 6,000 અનુક્રમે છે. પ્રત્યક્ષ ખર્ચ ક્યા પ્રકારનો ખર્ચ ગણાય? 1

(A) સ્થિર ખર્ચ (B) ચલિત ખર્ચ (C) અર્ધચલિત (D) નિયમિત ચલિત

**j)** નીચેનામાંથી ક્યો સ્થિર ખર્ચ નથી? 1

(A) પ્રત્યક્ષ ખર્ચ (B) ઘસારો (C) કારખાના ભાડું (D) મેનેજરનો પગાર

**k)** નીચેનામાંથી કઇ બાબત પરિવર્તનશીલ બજેટ સાથે સુસંગત નથી? 1

(A) સીમાન્ત પડતર (B) સ્થિર પડતર (C) ચલિત પડતર (D) કુલ પડતર

**l)** સંચાલન માટે પરિવર્તનશીલ બજેટએ સ્થિર બજેટ કરતાં .... છે? 1

(A) વધુ સરળ (B) વધુ ઉપયોગી (C) વધુ ગૂંચવાડાભર્યું (D) આમાંથી એક પણ નહિ

**m)** જો કોઇ ખર્ચ એકમદીઠ એકસરખો હોય તો તે... વર્ગીકૃત થાય છે? 1

(A) સમાન ખર્ચ (B) નિયમિત ખર્ચ (C) ચલિત ખર્ચ (D) સ્થિર ખર્ચ

**n)** સ્થિર અંદાજપત્ર કામગીરીની ... સપાટી માટે તૈયાર થાય છે. 1

(A) વિવિધ (B) ઘણી (C) એક જ (D) અનેકવિધ

**Attempt any four questions from Q-2 to Q-8**

**Q-2** **Attempt all questions** **(14)**

**(A)** બજેટરી અંકુશના ફાયદા અને મર્યાદા સમજાવો. 10

**(B)** નફાકારકતાના ગુણોતરો સમજાવો 04

**Q-3** **Attempt all questions** **(14)**

**(A)** અંદાજપત્રના લક્ષણો જણાવો 7

**(B)** રોકડ અંદાજપત્રનાં લાભ લખો 7

**Q-4** **Attempt all questions** **(14)**

**(A)** નીચેની વિગતો ધારા કંપનીના નાણાકીય રેકર્ડમાંથી લેવામાં આવેલ છે. 10

| | રૂ. |
|---|---|
| કુલ વેચાણ (જે પૈકી 20% રોકડ વેચાણ છે.) | 8,00,000 |
| વેચેલ માલની પડતર | 6,50,000 |
| ઈક્વિટી શેરમૂડી | 2,50,000 |
| 15%નાં ડિબેંચર | 2,00,000 |
| ડિબેંચર વટાવ | 5,000 |
| ચોખ્ખો નફો (50% કરબાદ) | 40,000 |
| રાખીમૂકેલ કમાણી | 52,000 |

| | |
|---|---|
| દેવાદારો | 85,000 |
| પ્રાથમિક ખર્ચ | 20,000 |

**ઉપરની માહિતી પરથી નીચેના ગુણોત્તર ગણો:**

1. સંચાલન ગુણોત્તર
2. દેવાદાર ગુણોત્તર (વર્ષના 360 દિવસો)
3. શેર હોલ્ડરનાં ભંડોળ પર વળતરનો દર
4. કુલ રોકાયેલી મૂડી પર વળતરનો દર

**(B)** જાન્યુઆરી, 2011નું વેચાણ રૂ. 2,00,000 છે. 50% રકમ જાન્યુઆરી માસમાં જ મળે છે જેના પર 5% વટાવ આપવામાં આવે છે. બાકીની રકમ બીજા મહિને મળે છે જેના પર 2% વટાવ આપવામાં આવે છે. વેચાણમાંથી થયેલ ચોખ્ખી વસૂલાત કેટલી? તે શોધો. 04

**Q-5** **Attempt all questions** **(14)**

**(A)** રોકડ અંદાજપત્ર તૈયાર કરવાની પદ્ધતિઓ સમજાવો 7

**(B)** ખર્ચનું વર્ગીકરણ સમજાવો 7

**Q-6** **Attempt all questions** **(14)**

**(A)** રોકડ પ્રવાહ પત્રકની ઉપયોગીતા લખો 7

**(B)** ટૂંકનોંધ લખો હિસાબી ધોરણ-૩ 7

**Q-7** **(14)**

એક કારખાનાની વાર્ષિક ઉત્પાદનશક્તિ 60,000 એકમની છે. કારખાનાની 40% અને 60% ઉત્પાદન શક્તિએ ઉત્પાદન પડતરનો અંદાજ નીચે મુજબ છે:

| **વિગત** | **40% ઉત્પાદનશક્તિ** | **60% ઉત્પાદનશક્તિ** |
|---|---|---|
| પ્રત્યક્ષ માલસામાન | 6,00,000 | 9,00,000 |
| પ્રત્યક્ષ મજૂરી | 3,60,000 | 5,40,000 |
| પ્રત્યક્ષ ખર્ચા | 2,40,000 | 3,60,000 |
| **અર્ધચલિત ખર્ચા:** | | |
| કારખાના ખર્ચ | 10,50,000 | 12,00,000 |
| વહીવટી ખર્ચ | 7,80,000 | 8,70,000 |
| વેચાણ ખર્ચ | 4,20,000 | 4,80,000 |
| કુલ સ્થિર ખર્ચા | 9,00,000 | 9,00,000 |
| નફો – નુકસાન | (1,50,000 નુકસાન) | (10,50,000 નફો) |

50% અને 75% ઉત્પાદનશક્તિ માટે પરિવર્તનશીલ અંદાજપત્ર બનાવો અને તે ઉત્પાદન શક્તિએ નફો કે નુકસાન શોધો.

**Q-8** **(14)**

શક્તિ લિ. ની નીચે આપેલી વિગતો પરથી એપ્રિલ થી જૂન 2020 સુધીના ત્રણ માસનું રોકડ બજેટ બનાવો.

તા. 01-04-2020ના રોજ રોકડ અને બેંક સિલક રૂ. છે.

| માસ | કુલ વેચાણ રૂ. | ખરીદી રૂ. | મજૂરી રૂ. | પરોક્ષ ખર્ચ રૂ. |
|---|---|---|---|---|
| ફેબ્રુઆરી | 12,00,000 | 6,00,000 | 2,40,000 | 1,80,000 |
| માર્ચ | 9,00,000 | 5,40,000 | 2,16,000 | 1,50,000 |
| એપ્રિલ | 13,00,000 | 6,60,000 | 2,88,000 | 2,10,000 |
| મે | 18,00,000 | 9,60,000 | 3,00,000 | 2,40,000 |
| જૂન | 10,00,000 | 4,80,000 | 2,52,000 | 1,80,000 |

- કુલ વેચાણના 40% રોકડ અને 60% ઉધાર વેચાણ છે.
- ઉધાર વેચાણના 50% વેચાણ પછીના મહિનામાં અને બાકીના 50% બીજા મહિનામાં વસૂલ મળે છે.
- વેપારીઓએ આપેલ શાખનો સમયગાળો 1 મહિનાનો છે.
- મજૂરી ચૂકવવાનો સમયગાળો 1 મહિનાનો અને પરોક્ષ ખર્ચ ચૂકવવાનો સમયગાળો ½ માસનો છે.
- જૂન, 2020માં ડિબેંચર પર વ્યાજ રૂ. 75,000 ચૂકવવાનું છે.